# દેશના પ્રથમ અને વિશાળ શૈક્ષણિક ટેલીવિઝન નેટવર્ક 'વંદે ગુજરાત'ની નવી ૧૬ ચેનલ્સનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૪

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ભારતના પ્રથમ અને વિશાળ શૈક્ષણિક ટેલીવિઝન નેટવર્ક 'વંદે ગુજરાત'ની નવી ૧૬ ચેનલ્સનું લોન્ચીંગ કરતાં સર્વગ્રાહી વિકાસની શ્રેષ્ઠતાઓ પાર પાડવા ગુજરાત સરકારની આ ચેનલ્સના કાર્યક્રમો - પ્રસારણને રૂચિકર, પ્રેરણાદાયી અને વૈવિધ્યસભર બનાવવાની નેમ દર્શાવી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ૨૧મી સદીના જ્ઞાન - વિજ્ઞાનના યુગમાં દુરદરાજના અંતરિયાળ વિસ્તારોમાં કૃષિ, પશુપાલન, શિક્ષણ, આરોગ્ય, મહિલા કલ્યાણ અને કૌશલ્યવર્ધન જેવી બહુવિધ યોજનાઓનો લાભ પહોંચાડવા તથા પ્રસાર કરવામાં ગુજરાતની આ પહેલ ઉપકાર નિવડશે.

આ અવસરે તેમણે કેન્દ્રની વર્તમાન સરકાર અને પ્રધાન મંત્રી શ્રી



નરેન્દ્રભાઈ મોદીએ ત્વરિત કાર્યવાહી - મંજુરીઓ આપીને ડિઝીટલ ઈન્ડિયાની સંકલ્પના સાકાર કરવામાં ગુજરાતની આ અભિનવ પહેલને પ્રોત્સાહન પુરું પાડ્યું છે તેનો વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.

શ્રીમતી આનંદીબહેન પટેલે જનહિતકારી ક્ષેત્રોના તજજ્ઞો - અગ્રણીી સાથે સતત પરામર્શ-ચિંતન કરીને સૌના સૂઝાવો થકી ઝડપી, સાચા અને સારા રચનાત્મક જનકલ્યાણ કાર્યક્રમોને નવા પરિણામો સર કરાવવા અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વિશ્વમાં જે શ્રેષ્ઠ છે તે ગુજરાતને આંગણે લાવવાની આપણી પ્રતિબદ્ધતા છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, શિક્ષણ, તાલીમ, ખેલકૂદ, મહિલા કલ્યાણની યોજનાઓથી શ્રેષ્ઠતા - કૌશલ્યતા મેળવવા લાભાર્થીઓની પ્રતિભા - સફળ ગાથા સામાન્ય માનવી સુધી દૂરવર્તી સંચારના આ માધ્યમથી ઘેર બેઠાં પહોંચાડી શકાય તેવું સંકલન સંબંધિત સરકારી વિભાગોએ જાળવવું પડશે.

ગુજરાતના યુવાધનનો કારકિર્દી ઘડતરમાં પ્રેરણાદાયી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના તહેત અભ્યાસ સહાય, સ્વરોજાગર કૌશલ્યવર્ધન તાલીમ તથા સરકારી સેવાઓની સ્પર્ધાત્મક પરીક્ષાઓની જિલ્લે - જિલ્લે તૈયારી માટેની પૂર્વ તાલીમ સજ્જતાના કાર્યક્રમો પણ આ ચેનલ દ્વારા પરિણામકારી બનશે તેવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

# ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરવા મહામંડળની ઉગ્ર રજુઆત

ગાંધીનગર તા ૧૪

નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત અસ ટી ડેપોમાં સલામતી વ્યવસ્થાના નામે મીંડુ ચિતરાયેલુ છે.જયારે વર્ષોની માંગણીના અંતે પણ એસ ટી ડેપોમાં પોલીસ ચોકી માટે જગ્યા ફાળવવામાં આવતી નથી. જેના પરિણામે ગુનાખોરીનુ પ્રમાણ વધી રહયુ છે. આ મામલે અનેકવાર રજુઆતો કરવા છતા પોલીસ ચોકી બનાવવાનુ આયોજન કરવામાં આવતુ નથી. શહેર વસાહત મહામંડળ દ્વારા પણ એસ ટી ડેપોમાં પોલીસ ચોકી ઉભી કરવા પ્રબળ માંગ કરવામાં આવી છે.

**છેલ્લા ઘણાં સમયથી ડેપોમાં ગઠીયાઓ મુસાફરોના ખિસ્સામાં હાથફેરો કરી જતા ભયનો માહોલ પ્રવર્તાયો છે**

નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં પોલીસ ચોકીના અભાવે ગુનેગારોને ખુલ્લો દોર મળ્યો છે. ડેપો સંકુલમાં ધોળા દિવસે જાણભેદુ તત્વો મુસાફરોના ખિસ્સા કાતરવા ઉપરાંત સોનાના દોરાની તફડંચી કરતા હોવાની ફરિયાદોના લીધે મુસાફરોમાં ભયની લાગણી વ્યાપી છે. અગાઉ પણ અનેકવાર એસ ટી ડેપોના સ્ટાફ તેમજ મુસાફરો દ્વારા ચોર ઈસમોને રંગેહાથ પકડીને પોલીસને હવાલે કરવામાં આવ્યા હોવાનુ ધ્યાને આવ્યુ છે. છેલ્લા ઘણાં વર્ષોથી આ સ્થિતિને નિવારવા ડેપો તંત્ર દ્વારા કોઈ પગલા લેવાતા નથી એસ ટી નિગમની ડિવિઝનલ કચેરી કક્ષાએથી પણ ડેપોમાં પોલીસચોકી બનાવવા માટે જગ્યા ફાળવવામાં ઉદાસીનતા સેવાઈ રહી છે. બીજીતરફ મુસાફરો પીક પોકેટીંગના ભોગ બની રહયા છે.મહીલાઓ તેમજ સિનિયર સિટિઝન્સની સલામતીના નામે પાટનગરમાં જ ડેપો જેવા જાહેર સ્થળોએ દિવા તળે અંધારા જેવી સ્થિતિ છે. આ મામલે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ મયુર વ્યાસ સુધીર દેસાઈ સહીતના અગેવાનોએ ડેપો મેનેજરને રજુઆત કરી હતી.

# ૬૦૦ ચીની કંપનીઓનું પ્રતિનિધિમંડળ ડિસેમ્બર ૨૦૧૫માં ગુજરાતની મુલાકાતે આવશે

અમદાવાદ, તા. ૧૪

ઓસ્ટ્રેલિયા, અમેરિકા, રશિયા, જાપાન, અખાતના દેશો (ગલ્ફ) જર્મની જેવા ખ્યાતનામ રાષ્ટ્રો સાથે વેપાર કરનાર ભારત હાલમાં પ્રજાસત્તાક ચીનની ખૂબ જ નજીક આવી ગયું છે. હકીકતમાં તમામ રાષ્ટ્રોની સરખામણીમાં ચીન એક આગવું સ્થાન ધરાવે છે. તાજેતરના વર્ષોમાં ચીનથી નિકાસ કરવામાં આવનાર રાષ્ટ્રોની ગણતરીમાં ભારતે સાતમું સ્થાન પ્રાપ્ત કરી લીધુ છે અને બન્ને રાષ્ટ્રોના વેપારમાં જબરદસ્ત વૃદ્ધિ થઈ છે.

વિવિધ વેપારી સંસ્થાઓ અને ચેમ્બરો તેમજ મોટા ઔદ્યોગિક ગૃહોની આયાત-નિકાસ જોતાં એક અંદાજ મુજબ ચાલુ વર્ષમાં ભારત દ્વારા ચીનથી આયાત કરવામાં આવનાર ચીજવસ્તુઓનું મૂલ્ય ૬૫ અબજ અમેરિકી ડોલરનું થવાનું છે. ૨૦૧૪માં આયાતનું મૂલ્ય ૫૮.૫૩ અબજ ડોલર અને ૨૦૧૩માં ૫૧.૬૩ અબજનું હતું.

ચીનથી આયાત થનારી વસ્તુઓની યાદી ઘણી જ લાંબી છે. પરંતુ તેમાં મહદંશે સ્માર્ટ ફોન, એલઈડી, ઈલેક્ટ્રિકલ આઈટમ, ઈલેક્ટ્રોનિક્સનાં સાધનો, યંત્ર-સાંમગ્રી, બોઈલર્સ, ઓર્ગેનિક કેમિકલ્સ, પ્લાસ્ટિક, ફર્નિચર, લાઈટિંગ, પેપર અને પેપરબોર્ડ, ટેકસટાઈલ્સ, ગ્લાસ અને ગ્લાસવેર મુખ્યત્વે છે.

ભારત અને ચીનની વિવિધ વ્યાપારી સંસ્થાઓ અને મંત્રાલયો ઉદયપક્ષીય વેપાર વધારવાના સંનિષ્ઠ પ્રયાસો કરી રહ્યાં છે. અને ૬૦૦ ચીની કંપનીઓનું એક મોટુ પ્રતિનિધિમંડળ આગામી ડિસેમ્બર ૨૦૧૫માં મુંબઈ સાથે ગુજરાતમાં અમદાવાદ, સુરત અને બરોડાની મુલાકાતે આવનાર હોવાનું ઈન્ડિયા ટેક ફાઉન્ડેશનના માનદ સચિવ આશિષ ગુપ્તાએ જણાવ્યું હતું.

આ ચીની વેપારી મંડળમાં ફર્નિચર, ટેકસટાઈલ, ઈલેક્ટ્રોનિક્સ, એલઈડીના ઉત્પાદકો અને વેપારીઓનો સમાવેશ થાય છે અને તેઓ ચીનના 'વેન્ઝાઉ' તેમજ 'નિંગબો' પ્રાંતનું પ્રતિનિધિત્વ કરશે એવું ગુપ્તાએ ઉમેર્યું હતું. તેઓ અંદાજે ૨૫૦૦૦ ભારતીય વેપારીઓ, વ્યાપારીક સંસ્થાઓમાં વડાઓની સાથે મસલતો કરશે.



મણીનગરના શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનની ડીઝાસ્ટર મેનેજમેન્ટની રચનાત્મક કાર્ય અંગે પબ્લીક આસીસ્ટંટ રેસક્યુ ડીઝાસ્ટર અને સપોર્ટ સર્વિસીસ ફીલીપાઈન્સના નેશનલ પ્રેસીડન્ટ આર્મી કીમાનો ફેબોને ગાદીના આચાર્ય શ્રી પુષોત્તમ પ્રિયદાસજી સ્વામીજી મહારાજને મુક્ત જીવન સ્વામીબાબા સ્મૃતિ મંદિર રજત મહોત્સવ અંતર્ગત મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કર્યા હતા. તેમજ ફીલીપાઈન્સના નેશનલ પ્રેસીડન્ટને પણ સન્માનિત કરાયા હતા. ઉપરાંત સંસ્થા દ્વારા પર્યાવરણ રક્ષણ અને કેન્સર માટે પણ ડોનેશનના ચેકો આચાર્ય સ્વામીજી મહારાજના વરદહસ્તે વિતરણ કરાયા હતા.

# ગુજરાત વિદ્યાપીઠ પદવીદાન સમારોહ ૧ ડિસેમ્બરે યોજાશે

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ સ્થાપેલી અમદાવાદના આશ્રમ રોડ પર આવેલ ગુજરાત વિદ્યાપીઠનો ૬૨મો પદવીદાન સમારોહ ૧ ડિસેમ્બર ૨૦૧૫નાં રોજ યોજાશે. આ પદવીદાન સમારોહમાં ભારતનાં મહામહિમ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી ચીફ ગેસ્ટ તરીકે ઉપસ્થિત રહેશે. ગુજરાત વિદ્યાપીઠના કેમ્પસમા યોજાનાર આ પદવીદાન સમારોહમાં વિવિધ વિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમ તેમજ એમફીલ, પીએચડી, સહિતનાં અભ્યાસક્રમનાં વિદ્યાર્થીઓને પદવ પ્રમાણપત્રો એનાયત કરવામાં આવશે. છેલ્લા ૯૬ વર્ષથી અમદાવાદમાં કાર્યરત અને ગાંધી વિચારધારાને વરેલી સંસ્થા એવી ગુજરાત વિદ્યાપીઠનો પદવીદાન સમારોહ આગામી ૧ ડીસેમ્બર-૨૦૧૫નાં રોજ યોજવાની જાહેરાત કરવામાં આવી છે.

# મોડાસાની આશાપુરા ગેસ એજન્સીના સંચાલક સામે ગેરરીતિની ફરીયાદ

## મોડાસાની એજન્સી સામે આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ ગુનો નોંધાયો : ગાંધીનગર નાગરિક પુરવઠા વિભાગની તપાસમાં ક્ષતિઓ બહાર આવી હતી

મોડાસા, તા. ૧૪

મોડાસા સ્થિત એચપી ગેસ એજન્સીમાં ગાંધીનગર અન્ન અને નાગરીક પુરવઠા વિભાગ દ્વારા તાજેતરમાં કરાયેલી રેડમાં મોટાપાયે ગેરરીતિઓ જણાઈ આવી હતી. જેને પગલે જિલ્લા પુરવઠા વિભાગે એજન્સીના સંચાલક સામે પોલીસ ફરિયાદ નોંધાવતા ટાઉન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ ગેસ એજન્સી જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના ચેરમેન ચલાવતા હોઈ સ્થાનિક રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે.

મોડાસાની જીઆઈડીસીના પ્લોટ નં. ૭૩માં આવેલી એચપીસીએલ કંપનીના અધિકૃત ગેસ ડીલીવરી પોઈન્ટમાં રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની ટીમ દ્વારા તા. ૨૮-૪-૨૦૧૫ના રોજ તપાસણી હાથ ધરાઈ હતી. જેમાં મોટાપાયે ક્ષતિઓ અને ગેરરીતિઓ જણાઈ આવતાં પરવાનેદાર લાલસિંહ ચૌહાણ સામે પોલીસ કેસ કરવા વિભાગ દ્વારા જિલ્લા કલેક્ટરને જૂન માસમાં જણાવાયું હતું.

આ પ્રકરણમાં જિલ્લા કલેક્ટર દ્વારા પુરવઠા વિભાગને કસૂરવાર એજન્સીના સંચાલક સામે યોગ્ય પગલાં ભરવા આદેશ કરાતાં




મોડાસા મામલતદાર કચેરીના નાયબ મામલતદાર બાબુભાઈ બી. પટેલ દ્વારા આશાપુરા ગેસ એજન્સીના અધિકૃત એજન્ટ લાલસિંહ હિંમતસિંહ ચૌહાણ (રહે. મલાસા, તા. ભિલોડા) સામે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં આવશ્યક ચીજવસ્તુઓ અધિનિયમની કલમ ૩, ૭ હેઠળ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આશાપુરા ગેસ એજન્સીના અધિકૃત એજન્ટ લાલસિંહ ચૌહાણના પત્ની વિષ્ણુકુંવરબા જિલ્લા પંચાયતની કીશનગઢ સીટ ઉપરથી ભાજપમાંથી ચૂંટાઈ આવેલા છે અને હાલ તેઓ અરવલ્લી જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના ચેરમેનનો હોદ્દો સંભાળી રહ્યા છે ત્યારે સરકારના આદેશને પગલે ગુનો નોંધાતા રાજકીય ખળભળાટ મચ્યો છે.

# કંપની સમાચાર

## ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન સાથે નિયોપોલિટન પિઝાના સમજૂતીના કરાર ગુજરાતમાં રિટેઈલ વિસ્તરણ ઝુંબેશનો પ્રારંભ

મહારત્ન કંપની કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (આઈઓસીએલ) સાથે વડોદરા સ્થિત ક્વિક સર્વિસ રેસ્ટોરન્ટ અને પિઝેરીયા ચેઈન નિયોપોલિટન પિઝા લિમિટેડે ગુજરાતના આઈઓસી પેટ્રોલ પમ્પસ કમ રિટેઈલ આઉટલેટ ઉપર પિઝા આઉટલેટસ શરૂ કરવા માટે સમજૂતિના કરાર કર્યો છે. હાઈવેઝ ઉપર વિસ્તરણ હાથ ધરવાની અને ગ્રાહકોને વિવિધ સુવિધાઓ પૂરી પાડવાની આઈઓસીએલની વ્યુહરચના અનુસાર આ પગલુ લેવાયું છે.

આ કરારને પગલે આઈઓસી એનએસઈ-એસએમઈ ઈમર્જ પ્લેટફોર્મ ઉપર નોંધાયેલ નિયોપોલિટન પિઝાને તેના સંકુલમાં નિયોપોલિટન દ્વારા સંચાલિત પિઝા આઉટલેટસ સ્થાપવા માટે મંજૂરી આપે છે અને તેનું સંચાલન નિયોપોલિટન કરશે.

આઈઓસીએલ એ ભારતની સૌથી મોટી કોમર્શિયલ કંપની છે જેની ગણના ફોરચ્યુન ગ્લોબલ ૫૦૦ ની યાદીમાં સૌથી મોટી કંપનીઓમાં ૧૧૯માં ક્રમે (અને ભારતની કંપનીઓમાં પ્રથમ ક્રમે) થાય છે. તે એક વિશ્વાસપાત્ર બ્રાન્ડ છે અને તે મજબૂત નેટવર્સની સાથે સાથે મજબૂત વિઝીબીલીટી ધરાવે છે, જેને અતિક્રમી જવી મુશ્કેલ છે. નિયોપોલિટન પિઝા લિમિટેડને ''સારથી એસએમઈ એક્સેલન્સ ઍવોર્ડ'' ખાતે ''સ્ટાર્ટઅપ આંત્રપ્રિનિયોર ઍવોર્ડ-૨૦૧૫'' હાંસલ થયેલ છે અને તેને એસએમઈ સેગમેન્ટમાં શ્રેષ્ઠ સ્ટાર્ટઅપ આંત્રપ્રિનિયોર તરીકે પસંદ કરાયેલ છે. નિયોપોલિટન હાલમાં તેના પોર્ટફોલીયોમાં ૨૬ પિઝા રેસ્ટોરન્ટસ ધરાવે છે જેમાંથી ૨૦ ગુજરાતમાં છે. કંપની નજીકના ભવિષ્યમાં ૨૫ આઉટલેટ સ્થાપીને વિસ્તરણ યોજના હાથ ધરી રહી છે.

## નાઈપર-અમદાવાદ ખાતે કન્વર્જન્ટ રિસર્ચમાં ધ્યાન કેન્દ્રિત કરી ફાર્માસ્યુટિકલ્સ ક્ષેત્રે ઉભરતું ઈમર્જીંગ સેન્ટર બનાવાશે

નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલ્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, અમદાવાદ (નાઈપર-એ) દ્વારા સોમવાર, તા.૧૯ ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ યોજાનાર ત્રીજા પદવીદાન સમારંભમાં ૧૨૭ વિદ્યાર્થીઓને ૭ વિદ્યાશાખાઓમાં એમએસ (ફાર્મ) ડીગ્રી એનાયત કરાશે. આઈસીએમઆર, નવી દિલ્હીના ડિરેક્ટર જનરલ ડો. સૌમ્યા સ્વામિનાથન આ સમારંભના મુખ્ય મહેમાન પદે હાજર રહેશે.

નાઈપર-એ રાષ્ટ્રિય મહત્વ ધરાવતી સંસ્થા છે અને તે ફાર્માસ્યુટિકલ ઉદ્યોગો માટે કુશળ માનવસ્રોતો પેદા કરે છે. નાઈપર- એ ના ડિરેક્ટર શ્રી કિરણ કાલિયાની આગેવાની હેઠળ ઈન્સ્ટીટ્યુટ ફાર્માસ્યુટિકલ્સ સેક્ટરમાં સેન્ટર ઓફ એક્સેલન્સ તરીકે ઉભરી આવીને આંતરરાષ્ટ્રિય ખ્યાતિ પ્રાપ્ત કરી છે અને તે બાયોલોજીકલ, કેમિકલ અને ફાર્માસ્યુટિકલ સાયન્સીસ જેવા વિવિધ વિષયોમાં સુસંકલિત પ્રદાન કરી રહી છે. વર્ષ ૨૦૧૧માં ડિપાર્ટમેન્ટ ઓફ મેડિકલ ડિવાઈસીસનો નવો વિભાગ શરૂ કરાયો હતો, જેનો ઉદ્દેશ નેશનલ સેન્ટર ઓફ મેડિકલ ડિવાઈસીસ (એનસીએમડી) સ્થાપવાનો હતો.

આ ઈન્સ્ટીટ્યુટ ટીબી, ડાયાબિટીસ અને કેન્સર જેવા રોગોમાં થેરાપીઝ વિકસાવવાની અને સામાજીક લાભ થાય તે પ્રકારના લક્ષ્યાંકો હાંસલ કરવાની કામગીરી કરે છે.

# અરવલ્લીમાં નવરાત્રીનો દબદબાભેર પ્રારંભ

મોડાસા, તા. ૧૪

નવરાત્રી મહોત્સવનો અરવલ્લી જિલ્લામાં દબદબાભેર પ્રારંભ થયો છે. દરમ્યાન મોડાસાના માલપુર રોડ પર ઉલ્લાસભેર માતાજીના ગરબા રમે તે માટે મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

મોડાસા ખાતે આવેલ કલ્યાણચોકમાં ૩૩માં નવરાત્રી મહોત્સવને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. શાસ્ત્રોક્ત વિધિથી મંત્રોચ્ચાર દ્વારા ૯ દિવસ ખેલૈયાઓ






કલ્યાણચોક વિસ્તારમાં છેલ્લા ૩૩ વર્ષથી નવરાત્રી મહોત્સવ યોજાય છે. આ વર્ષે મહોત્સવનો પ્રારંભ શ્રીકૃષ્ણ આશ્રમ વૈદિક પાઠશાળા બોલુંદરાના વિદ્યાર્થીઓ દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી કરવામાં આવ્યો હતો. જેમાં સૌ પ્રથમ વર્ષ દરમ્યાન મોડાસામાં મૃત્યુ પામેલાઓને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં સમારંભના અધ્યક્ષ તરીકે પ્રફુલભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આશિષભાઈ ડી. જયસ્વાલ, મુખ્ય મહેમાન ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, પાલિકા પ્રમુખ એસ.આર. પટેલ, શૈલેષભાઈ પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. બોલુંદરા આશ્રમના કુલદિપભાઈ પુરોહિત દ્વારા દિપપ્રાગટ્ય કરી મહોત્સવને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ૩૩મા નવરાત્રી મહોત્સવને સફળ બનાવવા પ્રમુખ હિતેન્દ્રભાઈ જોષી તથા કારોબારી સભ્યો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી છે.

## સંપત્તિ ફ્રીઝ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આફ્રિકામાં રહેલા અડ્ડા અંગે માહિતી આપવામાં આવનાર છે. સમાચાર ચેનલ ઈન્ડિયા ટુડેના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે બ્રિટનના પ્રવાસ પહેલા આ સંવદેનશીલ માહિતી બ્રિટીશ ગુપ્તચર અધિકારીઓને આપવાની યોજના તૈયાર કરવામાં આવી છે. ભારતે આ અગાઉ દાઉદ અંગે પહેલા ક્યારેય આટલી મોટી સંખ્યામાં સંપત્તિની માહિતી એકત્રિત કરી ન હતી. માહિતી મુજબ બ્રિટનમાં પણ દાઉદની અનેક સંપત્તિ છે. દાઉદની ૨૬ પ્રોપર્ટી પૈકી ૧૪ પ્રોપર્ટી અને સરનામા બ્રિટનમાં જ છે. આ ઉપરાંત દાઉદ અન્ય દેશોમાં પણ નેટવર્ક ધરાવે છે.દાઉદના બાકી અડ્ડા પાકિસ્તાન, તુર્કી, સંયુક્ત અરબ અમિરાત, મોરોક્કો અને નોર્થ આફ્રિકા જેવી જગ્યા છે. જો કે આ પૈકી કેટલીક સંપત્તિ સીધીરીતે દાઉદના નામ પર નથી. જેથી ભારતની સામે આ સંપત્તિ દાઉદની જ છે તે સાબિત કરવાની પણ મોટી પડકારરૂપ સ્થિતી રહેશે.

એમ માનવામાં આવે છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં આ જગ્યાએ પર દાઉદને જોવામાં આવ્યો છે. આ અગાઉ ભારત દાઉદના બેંક ખાતાઓ ફ્રીજ કરવા માટે અમેરિકાની મદદ લઈ ચુક્યુ છે. બ્રિટનની મદદથી હવે ભારત દાઉદ સામે સકંજો વધારે મજબુત બનાવી દેવા માંગે છે. ભારત પોતાના પાડોશી દેશ પાકિસ્તાનને પણ દાઉદના અડ્ડા અંગે અનેક માહિતી પુરી પાડી ચુક્યુ છે. જો કે પાકિસ્તાન સરકાર તરફથી ભારતને કોઈ મદદ મળી શકી નથી જેથી તેના કારોબાર પર રોક મુકવામાં ભારતને સફળતા મળી નથી. જો કે ભારત બ્રિટન અને અમેરિકા સહિતના કેટલાક દેશોની સાથે મળીને હવે તેના કારોબાર પર બ્રેક મુકવા તૈયાર છે. ભારતના દબાણની અસર આગામી દિવસોમાં જોવા મળી શકે છે સાથે સાથે આ દેશોને કાર્યવાહી કરવાની ફરજ પડી શકે છે.કેન્દ્રમાં મોદી સરકાર આવ્યા બાદ જુદા જુદા દેશોમાં દાઉદના સ્થળો અંગે ગુપ્ત રીતે માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. મુંબઈમાં સિરિયલ બોમ્બ બ્લાસ્ટ સહિત ભારતમાં અનેક બનાવમાં દાઉદની સીધી ભૂમિકા રહી છે. દાઉદના સંબંધમાં ભારત સરકારે હવે ગંભીરતા દર્શાવીને તેના નેટવર્કને તોડી પાડવા માટેની રણનિતી બનાવી છે. દાઉદ પાકિસ્તાનમાં હોવાના અહેવાલ છેલ્લા કેટલાક સમયથી આવતા રહ્યા છે. જો કે પાકિસ્તાન આને હમેંશા રદિયો આપ્યો છે. પાકિસ્તાન સરકારને સહકાર નહી મળવાના કારણે દાઉદ સામે કોઈ પણ દેશને સફળતા મળી નથી.

## આયોજકો ત્રસ્ત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાસ લેનાર વર્ષમાં માત્ર એક જ વાર મુલાકાત કરે છે જે ખાસ હોય છે. અલબત્ત કેટલાક માટે વર્ષમાં એકવાર મળવાનુ પણ જાણે પાસ માટે જ થતુ હોય છે...આયોજકો સાથે તેમનો નાતો ઘણો જુનો અને નિકટતમ હોવાનો અહેસાસ પણ પાસ ઈચ્છુકો પલવારમાંજ કરાવી દે છે. સિઝન પાસ ન મળે તો આજના કે કાલના આવ્યા છે. તો કાંઈક લઈને જ જાઈએ... અયોજનની જવાબદારી અને મહોત્સવની તૈયારીમાં ગળાડુબ ગરબાના આયોજકોના માથે મણના ટેન્શન વચ્ચે પાસ મેળવવા માટે પણ કહેવાતા શુભેચ્છકો મધપુડાની જેમ ઘેરાયેલા રહે છે. કોમ્પલીમેન્ટ્રી પાસ લેવા માટે ગરબાના આયોજકોની ઓફિસમાં વિઝિટર્સની ભીડ જામે છે. વિઝિટીંગ કાર્ડ રજુ કરીને પાસની ડીમાન્ડ કરવાનો અંદાજ પણ કાંઈક રૂઆબદાર હોય છે. પાસમાં પણ સીઝન પાસની ડીમાન્ડ હોટ હોય છે. જેમાં આયોજકોની સ્થિતિ અને મનોદશા જોઈને આખરે સિંગલ ડે પાસ પણ સ્વીકારી લેવામાં આવે છે. ખેર એ જે હોય તે પરંતુ હાલ ગરબાપ્રેમીઓ પાસનો જુગાડ કરવામાં વ્યસ્ત છે. અને આયોજકો કાંઈક અંશે ત્રસ્ત છે. લાવો પાસ અમે છીએ ખાસ...નવરાતમાં કોમ્પલીમેન્ટ્રી પાસ આવતા હોય તે જાણે સ્ટેટસ સિમ્બોલની વાત થઈ ગઈ હોવાનુ સ્પષ્ટ થયુ છે.

## પોલીસ બંદોબસ્ત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લોકેશન આપવાનું બંધ કરાવવામાં આવ્યું..! હવે થાણા ઈન્ચાર્જ ઘરે ન રહે તે માટે નાઈટ પેટ્રોલીંગમાં થાણા ઈન્ચાર્જે હાજર રહેવા ખાસ સુચના આપી દેવામાં આવી છે. નવરાત્રી દરમ્યાન રાત્રે દર કલાકે થાણા ઈન્ચાર્જના લોકેશન પુછીને નોંધ કરવામાં આવશે. તે ઉપરાંત આ તમામ લોકેશન ડીટેઈલ અંગેનું સુપરવિઝન સતત ડીવાયએસપી કક્ષાના અધિકારીને સોંપવામાં આવ્યું છે.

IndusInd Bank

લોન... લોન... લોન...

જુના ટ્રક ૨૦૦૪ પછીના મોડલના જેવા કે ટાટા, અશોક લેલેન્ડ વગેરે ઉપર લોન મેળવો તથા જુના મહિન્દ્રા કેમ્પર, પિકઅપ, આઈશર વગેરે ૨૦૦૮ પછીના મોડલ પર લોન મેળવો...

● વિમાના ૮૫%* સુધી ધિરાણ ● સૌથી ઓછો વ્યાજદર*
● ઝડપી પ્રોસેસ ● સરળ દસ્તાવેજ વિધિ

૨૦૬, ગોલ્ડમાઈન જ્વેલ, ડીમાર્ટની બાજુમાં, સેક્ટર-૨૬, ગાંધીનગર
Mo. : 7043332254 (લોન બેન્કના નિયમને આધિન*)